સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) પાલનપુરના બિલ્ડીંગમાં વિજળીકરણ રીપેરીંગ કરવા રૂ.૩.૦૦ લાખ તેમજ સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.) જોળ, જિ.આણંદ ખાતે ૦૬ (છ) ઇલેક્ટ્રીક ગીઝર મુકાવવા રૂ.૧.૯૦ લાખની એમ કુલ રૂ.૪.૯૦ લાખના ખર્ચને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ SJED/NWR/e-file/17/2025/1903/A-1 Section**

સચિવાલય, ગાંધીનગર.

**તા.ઇ-સાઇન મુજબ.**

<u>વંચાણમાં લીધા :-</u>

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૨૬/૧૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક:DDCW/0176/11/2025.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૨૩/૧૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક:DDCW/0192/12/2025.

<u>આમુખ:</u>

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ દ્વારા વંચાણમાં લીધા ક્રમાંક (૧) પરના તા.૨૬/૧૧/૨૦૨૫ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) પાલનપુરના બિલ્ડીંગમાં વિજળીકરણ રીપેરીંગ કરવા રૂ.૩.૦૦ લાખના ખર્ચ અને વંચાણમાં લીધા ક્રમાંક (૨) પરના તા.૨૩/૧૨/૨૦૨૫ના પત્રથી સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.) જોળ, જિ.આણંદ ખાતે ૦૬ (છ) ઇલેક્ટ્રીક ગીઝર મુકાવવા રૂ.૧.૯૦ લાખના એમ કુલ રૂ.૪.૯૦ લાખ (અંકે રૂપિયા ચાર લાખ નેવું હજાર પુરા)ના ખર્ચને મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :</u>

પુખ્ત વિચારણાને અંતે, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના માર્ગ અને મકાન વિભાગના અંદાજપત્રમાં સરકારી મકાનોની પુન: સજાવટ માટે થયેલ રૂ.૬.૩૭ કરોડની જોગવાઇમાંથી સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) પાલનપુરના બિલ્ડીંગમાં વિજળીકરણ રીપેરીંગ કરવા રૂ.૩.૦૦ લાખ અને સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.) જોળ, જિ.આણંદ ખાતે ૦૬ (છ) ઇલેક્ટ્રીક ગીઝર મુકાવવા રૂ.૧.૯૦ લાખના એમ કુલ રૂ.૪.૯૦ લાખ (અંકે રૂપિયા ચાર લાખ નેવું હજાર પુરા)ના ખર્ચને ઉક્ત બજેટ જોગવાઇમાંથી બચત રહેલ છે, તેમ માની સદર ખર્ચ અંદાજપત્રીય જોગવાઇથી વધી ન જાય તે બાબતે તકેદારી રાખવાની શરતે તથા નીચે દર્શાવેલ અન્ય શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.:-

<u>શરતો:</u>

1. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
2. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઓચિત્યના સિધ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.
3. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની

રહેશે.

4. સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા સબંધિત અધિક્ષક ઇજનેરશ્રી/કાર્યપાલક ઇજનેરશ્રીના પરામર્શમાં ઉક્ત તમામ કામો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં પુર્ણ કરવા તાત્કાલિક નિયમોનુસારની કાયવાહી હાથ ધરવાની રહેશે.
5. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણએ આપેલ મંજૂરી અન્વયે થયેલ ખર્ચની વિગતો તેમજ કામગીરી પૂર્ણ કર્યાના અહેવાલની વિગતો વિભાગને રજૂ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર: ૪૨ મકાનો હેઠળ ચાલુ વર્ષે ૨૦૨૫-૨૬માં થયેલ બજેટ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના સચિવશ્રીની તા.૦૪/૦૧/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવ્યાની ઝાલા)
**e-SD/-**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાનાઃ-

- સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, દાહોદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

*Signature Not Verified*

Signed by:Devyani Zala
Section Officer
Date:2026.01.06
11:29:44 +5:30